


ગાંધીનગર પોલીસ દ્વારા શહેરમાં સ્ત્રીશક્તિને વધુ આરોગ્યપ્રદ અને શક્તિશાળી બનાવવાનાં પ્રયાસ રૂપે સેક્ટર-૭ સરકારી શાળામાં સ્વરક્ષણ તાલીમ વિશે સેમીનાર યોજાયો હતો. તા. ૧૦ અને ૧૧ એમ બે દિવસ ચાલનારા આ સેમીનારમાં માર્શલ દ્વારા સ્વરક્ષણ કેવી રીતે કરી શકાય તે વિશેની સમજ આપવામાં આવશે. આ પ્રસંગે પોલીસ અધિકારી શ્રી જોસેફ જાડેજા ઉપસ્થિત રહ્યા હતા તેમજ માર્શલ આર્મ્સ વિશેની માહિતી બ્લેક બેલ્ટ શ્રી પ્રજ્ઞેશ મસરીયાએ આપી હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

# કલોલ પાસે આયશરની અડફેટે બે વિદ્યાર્થીનીના કરૂણ મોત

## એક્ટિવા પર બંને કલાસમેટ કોલેજ જઈ રહી હતી ત્યારે કારોલી પાસે બનેલી અરેરાટી ભરી ઘટના : ડ્રાયવર ફરાર

ગાંધીનગર, તા.૧૦

કલોલ પાસે બેફામ જતી આઈશર ટ્રકની અડફેટે ગાંધીનગર નજીક આવેલી મોટી ભોંયણ સ્થિત એન્જિનિયરીંગ કોલેજમાં અભ્યાસ કરતી બે વિદ્યાર્થીનીની જીંદગી કચડાઈ જવા પામી છે. એક્ટિવા લઈને છત્રાલ રોડ પરથી બંને વિદ્યાર્થીનીઓ પસાર થઈ રહી હતી ત્યારે કાળમુખા ટ્રકે ટકકર મારતા ઘટના સ્થળે જ કમકમાટી ભર્યા મૃત્યુ નિપજયા હતા. સાંતેજ પોલીસે ટ્રક ચાલક સામે ગુનો દાખલ કરી આરોપી ડ્રાયવરની ધરપકડ માટે તજવીજ હાથ ધરી છે.

ગાંધીનગર શહેરના સે-૨૬ ગ્રીનસીટી મકાન નં. ૪૦માં રહેતી ૧૯ વર્ષીય માનસી પંકજભાઈ મકવાણા અને તેણીની સખી ચાંદખેડા રેલવે સ્ટેશન સામે ધરતી બંગ્લોઝમાં રહેતી ૨૦ વર્ષીય દિના નાનકરાતી બૈરવા કલોલ પાસેની ગાંધીનગર ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજીમાં સિવીલ એન્જિનિયરીંગનો અભ્યાસ કરતી હતી. બંને સહપાઠીઓ રાબેતા મુજબ આજે પણ સવારે માનસીના એક્ટિવા પર કલોલ જઈ રહ્યા હતા દરમિયાન ખાત્રજથી મોટી ભોંયણ જવાના માર્ગ પર કારોલી ગામના પાટીયા પાસે ધસમસથી આવતી આયશર ટ્રક જી.જે.૧-બી.વાય. ૫૪૪૬ એ એક્ટિવાને અડફેટે લઈ લેતા બંને વિદ્યાર્થીનીઓ ફંગોળાઈને રસ્તા પર પટકાઈ હતી અને લોહીના ખાબોચિયા ભરાઈ ગયા હતા. ગંભીર રીતે ઘવાયેલી બંને વિદ્યાર્થીનીઓના ઘટના સ્થળ પર જ પ્રાણ છુટી ગયા હતા. અકસ્માત સર્જીને ટ્રક મુકી ડ્રાયવર પળવારમાં ફરાર થઈ ગયો હતો. સાંતેજ પોલીસે ટ્રક ચાલક સામે ગુનો દાખલ કરી ફરાર થઈ ગયેલા ડ્રાયવરની શોધખોળ હાથ ધરી છે.

# ધાડના ગુનામાં વોન્ટેડ આરોપીને સેક્ટર-૭ પોલીસે ઝડપી પાડ્યો

## રાજસ્થાનના આ શખ્સે બોલેરો લૂંટ ઉપરાંત અમદાવાદની ૮ બાઈક ચોરીની કબૂલાત કરી : આંગડિયા લૂંટના ઈરાદે હથિયાર સાથે સેક્ટર-૬ પાસેથી પકડાયેલી ગેંગમાં પણ આ શખ્સની સક્રિય ભૂમિકા હતી

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરના સે-૬ પાસેથી થોડા સમય પહેલા હથિયારો સાથે એક ગેંગ પકડાઈ હતી. પૂછતાછમાં બહાર આવ્યું કે આ ગેંગ અમદાવાદમાં કોઈ આંગડિયામાં લુંટ કરવા જઈ રહી હતી. આ ગેંગના ટેલીફોનીક સંપર્કમાં રાજસ્થાનનો એક શખ્સ હતો. તે હજુ સુધી ફરાર હતો. રાજસ્થાનના એક ધાડના ગુનામાં આ શખ્સ વોન્ટેડ હતો. સે-૭ પોલીસે આ વોન્ટેડ શખ્સની ધરપકડ કરીને પૂછપરછ શરુ કરતા અન્ય કેટલાક ગુનાઓનો પણ ભેદ ઉકેલાયો છે.

ગાંધીનગર સેક્ટર-૭ પોલીસે અપના બજાર સે-૬ પાસેથી એક ગેંગને હથિયારો સાથે પકડી પાડી હતી. આ ગેંગ અમદાવાદમાં આંગડિયામાં લુંટ ચલાવવા જાતિ હોવાની સનસની કબુલાત થઈ હતી. આ ગેન્ગના સંપર્કમાં અન્ય એક રાજસ્થાનનો શખ્સ સરદારખાન સુલતાનખાન મુસલા પણ હતો જે અમદાવાદથી તેમની સાથે જોડાવાનો હતો. આ ગુનામાં સે-૭ પી.આઈ જે.એમ.ભરવાડની સુચનાથી પી.એસ.આઈ વી.યુ.ગડરિયા તથા તેમની ટીમે રાજસ્થાની શખ્સ સરદારખાનની ધરપકડ કરી લીધી છે. આ શખ્સ રાજસ્થાનના અનાદરા પોલીસ સ્ટેશનની ધાડના ગુનામાં વોન્ટેડ છે. ૨૦૧૪-મે માસમાં જ આ ધાડ પાડી હતી. તે ઉપરાંત રાજસ્થાન બાડમેરમાં પણ બોલેરો લુંટ કરી હોવાની કબુલાત બાદ અમદાવાદની એક પછી એક ૮ બાઈક ચોરીની સનસની કબુલાત કરી લીધી છે. પોલીસે તેની ડી પૂછપરછ શરુ કરી છે.

# સાબરકાંઠા રોહિત સમાજ કારોબારીની વરણી કરવામાં આવી

ગાંધીનગર, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લા રોહિત સમાજ વિકાસ મંડળ ગાંધીનગરની સામાન્ય સભા સંસ્થાના પ્રમુખ અરૂણ પરીખના અધ્યક્ષ સ્થાને ડૉ. આંબેડકર હોલમાં યોજવામાં આવી હતી. સભામાં વર્ષ ૨૦૧૪-૧૫ માટે મંડળની કારોબારીની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે અરૂણ પરીખ, ઉપપ્રમુખ તરીકે પ્રવિણભાઈ રાઠોડ, નરેશભાઈ મહેરિયા, મંત્રી તરીકે શૈલેષભાઈ પરમાર, ખજાનચી તરીકે પ્રજ્ઞેશભાઈ મેસરીયા, સહમંત્રી પ્રવિણભાઈ રાઠોડ, વિનોદભાઈ પરમાર, આંતરિક ઓડિટર કિરણભાઈ પરમાર, કારોબારી સભ્ય તરીકે રેવાભાઈ ભાંભી, અરવિંદભાઈ મકવાણા, અર્જુનભાઈ પરમાર, કો-ઓપ્ટ - વસંતભાઈ પરમાર, અનંતકુમાર ચૌહાણ, પ્રયતકર કાનડીયા અને કચરાભાઈ મેસરીયાની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

# આર.સી. પટેલ સ્કુલમાં વર્ષાઋતુ ગીત સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૧૦

શ્રીમતી આર.સી. પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કુલમાં વર્ષાઋતુ ગીત સ્પર્ધા યોજવામાં આવી હતી. સ્પર્ધામાં વર્ષાઋતુને અનુલક્ષીને જ ગીતો રજુ કરવામાં આવ્યા હતા. સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક દસ વિદ્યાર્થીઓએ ભાગ લઈ ગીતો રજુ કર્યા હતા. જેમાં પ્રથમ શિવાની દરજી, દ્વિતીય જય પટેલ અને તૃતીય યુકતા મેવાડા વિજયી થયા હતા.



ગઈકાલે નગરના મુખ્ય માર્ગ ઘ-રોડ પરથી અમદાવાદ (મહાદેવ નગર ટેકરા)થી ઊંઝા સુધી પગપાળા સંઘ પસાર થયો હતો. ૧૨૦ જેટલા શ્રદ્ધાળુઓ લગભગ ૧૦૦ કિ.મી. જેટલું અંતર કાપી ગુરૂપૂર્ણિમાને દિવસે હાજીપુર ઊંઝા પહોંચશે. (તસવીર : કશ્યપ નિમાવત)

# ડભોડામાં વરૂણદેવને રીઝવવા ગામ આખું ભક્તિમાં ડુબ્યું

## ગઈ કાલે મોડી રાત સુધી રામધૂન કરાઈ અને શુક્રવારે દરેક ગ્રામજન ઘરે લાડુ બનાવી મેઘરાજાને જમાડશે



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ગાંધીનગર જિલ્લાના સૌથી વધુ બક્ષીપંચ વસ્તી ધરાવતા ડભોડા ગામે વરૂણ દેવને રીઝવવા ગામના સરપંચ અરવિંદસિંહ સોલંકી તેમજ તાલુકા સદસ્ય સવિતાબેન ઠાકોર દ્વારા રામધૂનનું આયોજન કરવામાં આવ્યુંહતું. રામધૂન ઉપરાંત ગામના ૫૦૦૦ પરિવારો દ્વારા શુક્રવારે લાડુનું મિષ્ઠાન બનાવી 'મેઘદાદા'ને હેતે જમાડી વરસાદની હેલી કરવા વિનવવા પ્રયત્ન કરાશે.

અત્ર-તત્ર-સર્વત્ર સૌ કોઈ વરસાદના આગમનની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે ત્યારે ડભોડા ગામે મેઘરાજાને મનાવવા પ્રયત્નો હાથ ધર્યા છે. ગઈ કાલે રાત્રે યોજાયેલી રામધૂનમાં મોટી સંખ્યામાં મહિલાઓએ ભાગ લઈ ભક્તિભાવ પૂર્વક મોડી રાત સુધી રમઝટ બોલાવી હતી. આવતીકાલે પણ ગ્રામજનો દ્વારા સ્વયંભૂ રીતે પોતપોતાના ઘરે લાડુનું મિષ્ઠાન બનાવી વરૂણ દેવને પ્રેમથી જમાડવામાં આવશે. ગ્રામજનોમાં મોટી સંખ્યામાં ખેતી અને પશુપાલનના વ્યવસાય સાથે જોડાયેલા હોઈ વરસાદ ખેંચાતા તમના જીવન પ્રભાવિત થઈ રહ્યા છે આથી ભક્તિ માર્ગે વરૂણ દેવને રીઝવી વરસાદી કૃપા મેળવવા સઘન પ્રયત્નો હાથ ધરાયા છે.

# આર્ટ ઓફ લીવીંગ દ્વારા ગુરૂપૂર્ણિમાની અનોખી ઉજવણીનું આયોજન

## સે-૧૨માં બલરામ મંદિર હોલ ખાતે સવારે મહા સુદર્શન ક્રિયા તેમજ રકતદાન શિબિર અને સાંજે ખીચડી વિતરણ તેમજ ભજન-જ્ઞાનવાણી મહાસત્સંગ યોજાશે

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરના આર્ટ ઓફ લીવીંગ ચેપ્ટર દ્વારા તા. ૧૨મી જુલાઈ શનિવારે ગુરૂપૂર્ણિમા નિમિત્તે સેકટર-૧૨ના શ્રી બલરામ મંદિર હોલ ખાતે સવારે ૬.૩૦ કલાકે મહાસુદર્શન ક્રિયા તથા ગુરુપુજાનું આયોજન કરાયું છે. આ મહાસુદર્શન ક્રિયામાં બેઝીક કોર્સ કરેલા શિબિરાર્થીઓ જ ઉપસ્થિત રહી શકે છે. આ ઉપરાંત આ સ્થળે સવારે ૮.૩૦ થી ૧૧.૩૦ વાગ્યા દરમિયાન રકતદાન શિબિર યોજાશે અને સાંજે ૬ થી ૭ કલાકે ગરીબોને ખીચડી વિતરણનો કાર્યક્રમ યોજાશે અને રાત્રે ૮.૩૦ થી ૧૦ વાગ્યા સુધી ભજનો અને જ્ઞાનવાણી મહાસત્સંગનો કાર્યક્રમ યોજાશે.

ગુરૂપૂર્ણિમા નિમિત્તે ઠેર ઠેર ધાર્મિક અને સેવા કાર્યોનું આયોજન કરાઈ રહ્યું છે. આર્ટ ઓફ લીવીંગના ગાંધીનગર ચેપ્ટર દ્વારા ગુરૂપૂર્ણિમાની ઉજવણી અનોખી રીતે કરવાનું આયોજન કર્યું છે. મહાસુદર્શન ક્રિયા અને ગુરુપુજાની સાથે આર્ટ ઓફ લીવીંગ દ્વારા રકતદાન શિબિરનું આયોજન કરી સાથે ખીચડી વિતરણ તેમજ ભજન-જ્ઞાનવાણી દ્વારા ભક્તિયોગ-સેવાનો ત્રિવેણી સંગમ હાથ ધર્યો છે. આ કાર્યક્રમોમાં ભાગ લેવા નગરજનોને આર્ટ ઓફ લીવીંગ દ્વારા જાહેર નિમંત્રણ આપવામાં આવ્યું છે. તેમજ આ કાર્યક્રમો અંગે સેવાભાવી ભકતજનોને ઉદાર હાથે સહયોગ આપવા અનુરોધ કરાયો છે. આ ગુરુપૂર્ણિમાના કાર્યક્રમમાં સહયોગ આપવા જયેન્દ્ર શાહ અથવા મીતાબેન શાહનો સંપર્ક કરવા જણાવાયું છે.

# નર્મદા કિનારે ભરૂચનો દશામેશ્વ ઘાટ સહિત પવિત્ર યાત્રાધામ તરીકે વિકાસ કરવા માંગ

## ભૃગૃઋષિ, ભગવાન પરશુરામ અને વામન અવતારથી પવિત્ર થયેલી ભરૂચ નગરી પૌરાણિક અને ભૌગોલિક મહત્વ ધરાવે છે

ગાંધીનગર, તા. ૧૦

દક્ષિણ ગુજરાતમાં નર્મદા તટે આવેલ તિર્થભૂમિ ભરૂચમાં આવેલ દશાશ્વમેઘ ઘાટ એક અતિ પૌરાણિક ધાર્મિક મહત્વ ધરાવતુ યાત્રાધામ છે. આ સ્થળનો પવિત્ર યાત્રાધામ તરીકે વિકાસ કરવા રાજ્ય સરકાર સમક્ષ માંગણી કરાઈ છે. ભરૂચની ભૂમિ મહાન ભૃગૃઋષિ, જમદગ્નિ ઋષિ, ભગવાન પરશુરામ અને વિષ્ણુ ભગવાનના વામન અવતારથી પાવન થયેલી છે અને હિંદુ ધર્મનું પવિત્ર તિર્થસ્થાન છે.

ભરૂચ પાસે ધશાશ્વમેઘઘાટ ઉપરાંત કબીરવડ, શુકલતિર્થ, પુનિત મહારાજનું કોરલ ધામ, સંત શ્રી રંગ અવધૂતનુ નારેશ્વર ધામ વગેરે ધાર્મિક સ્થળો નજીકમાં જ આવેલા છે. વળી, એશિયાનો સૌથી મોટો સેઝ દહેજ ભરૂચથી પચાસેક કિ.મી.ના અંતરે આવેલ છે અને ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા નદી પર બાંધવામાં આવેલ સરદાર સરોવર બંધ તેમજ અંકલેશ્વર ઔદ્યોગિક વિસ્તાર વગેરે જેવા અતિ મહત્વના કેન્દ્રો આવેલા છે. આ ઉપરાંત ઓએનજીસીના તેલના કુવાઓ પણ આવેલા છે. આથી આ શહેર પૌરાણિક મહાત્મ અને ભૌગોલિક દષ્ટિએ પણ ખૂબ જ મહત્વનું સ્થળ છે. આ શહેર નેશનલ હાઈવે નં. ૮ તેમજ અમદાવાદ-મુંબઈ બ્રોડગેજ રેલવે લાઈન સાથે જોડાયેલુ છે.

દશામેશ્વઘાટ સહિત ભરૂચનો એક પવિત્ર યાત્રાધામ તરીકે વિકાસ કરવા મુખ્યમંત્રી સહિત રાજ્ય સરકારના પ્રવાસન નિગમ અને પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ સમક્ષ કરાયેલી માંગણીમાં અનેક બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં શ્રદ્ધાળુઓના સ્નાન માટે યોગ્ય વ્યવસ્થા, નદી કિનારે ઘાટને જોડતા રોડ રસ્તા અને સ્ટ્રીટલાઈટ, વાહન પાર્કિંગની વ્યવસ્થા અને એસટી બસની સુવિધા વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત શહેરની ગટરોના અને ઔદ્યોગિક વિસ્તારના દૂષિત પાણીને નર્મદા નદીમાં છોડવાને બદલે યોગ્ય નિકાલની વ્યવસ્થા કરી તેના શુદ્ધિકરણ માટેના પ્લાન્ટની સ્થાપના કરવા તેમજ બેટ વિસ્તારોમાં વડ જેવા વૃક્ષોનું વાવેતર કરવા અનુરોધ કરાયો છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૩
સૂર્યાસ્ત : ૭.૨૭

## તાપમાન

મહત્તમ : ૩૯.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૯.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૩ ટકા ● સાંજે ૩૬ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
એક વિલન : ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
ડાઉન ઓફ ધી પ્લાન્ટ ઓધ ધી એપસ (ડ્રડી) (અંગ્રેજી) ૪.૧૫, ૭.૦૦, ૯.૪૫
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૦.૦૦
સ્ક્રીન-૪ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૦.૦૦
બોલીવુડ વીલા : ૧૨.૩૦
બોબી જાસૂસ : ૪.૦૦, ૧૦.૦૦
દ્રુષ્યમ (તેલુગુ) : ૭.૦૦
: સ્ક્રીન-૫ :
એક વિલન : ૧૨.૧૫, ૩.૩૦
બોબી જાસૂસ : ૬.૩૦
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૦.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ડાઉન ઓફ ધી પ્લાન્ટ ઓધ ધી એપસ (૩ડી) (અંગ્રેજી) : ૧૦.૦૦, ૪.૪૫, ૭.૪૦, ૧૦.૩૫
ટ્રાન્સફોર્મર (૩-ડી) હિન્દી : ૧.૨૫
: સ્ક્રીન-૨ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૮.૩૦ (સવારે) , ૮.૩૦ (સાંજે)
એક વિલન : ૧૧.૩૦, ૫.૪૫
સાથીયો ચલો ખોડલધામ (ગુજ.) ૨.૨૫
: સ્ક્રીન-૩ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૪ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### સૂર્યા સિનેમા (વાવોલ)

ઘાતક : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
સાથીઓ ચાલો ખોડલ ધામ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
સ્ક્રીન-૨ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

## આપની આજ

**મેષ** : આજે ધન લાભ થવાની શક્યતા છે. નવા સંબંધ બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. વ્યાપાર-વ્યવસાયક્ષેત્રમાં આવનારા તનાવ અને વિઘ્નો સમાપ્ત થવાના યોગ બની રહ્યા છે.

**વૃષભ** : પ્રયત્ન અને પરિશ્રમનું યોગ્ય ફળ પ્રાપ્ત મળી શકશે. માન-સન્માનમાં યશ-વૃદ્ધિ થશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. જીવનસાથીનો સહયોગ કાર્યોમાં મળી રહેશે.

**મિથુન** : સામાજિક ક્ષેત્રોથી લાભ. આપ ભાગ્ય કરતાં કર્મ પર વધુ વિશ્વાસ કરી કાર્ય કરતા રહો. રાજયપક્ષનાં કાર્યોમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે.

**કર્ક** : સામાજિક ક્ષેત્રોમાં સફળતાનો યોગ. ખર્ચ પ્રવાસનો યોગ. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં પૂરતી સફળતા પ્રાપ્ત થઈ શકશે. આરોગ્ય સંબંધી ચિંતાનું સમાધાન થશે.

**સિંહ** : સાહસનો લાભ મળી શકશે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**કન્યા** : જૂના સંબંધોમાં યશની વૃદ્ધિ થશે. વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થશે .આવક કરતાં ખર્ચ ન વધે તેની તકેદારી રાખવી.

**તુલા** : પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. અટકેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. કૌટુંબિક ચિંતા દૂર થશે.

**વૃશ્ચિક** : મતભેદોથી દૂર રહીને શાંતિથી કાર્ય કરવું. પ્રગતિવર્ધક સમાચાર મળી શકે છે. સંતાનની ઉન્નતિ પ્રસન્નતા આપશે. પૂર્વમાં કરવામાં આવેલા કાર્યોનું ફળ મળી શકશે.

**ધન** : સંતોષપ્રદ વાતાવરણ રહેશે. કાર્ય સ્થિતિઓ અનુકૂળ રહેવાની સંભાવના છે. વિચારેલું કાર્ય સમય પર થશે. અટવાયેલા અને અધુરા રહેલા કાર્ય પૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતા વધશે.

**મકર** : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થસે. મહત્વપૂર્ણ કાર્યો પર ખર્ચ થઈ શકે છે. લાભ મળવાના પણ યોગ બની રહ્યા છે. કુટુંબમાં માંગલિક કાર્યનો યોગ.

**કુંભ** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ. નવા આર્થિક સાધનો પર કાર્ય થઈ શકશે. વ્યાપારમાં મુશ્કેલીઓ વધે નહી તેની કાળજી રાખવી. ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે.

**મીન** : સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીમાં સ્થિતિ મજબૂત બનશે. ઉદાર મન અને ક્ષમાવાન વ્યવહારથી લાભ થશે.

## ચિરવિદાય

- સ્વ. રાઠોડ જીલુસિંહ પૃથ્વીસિંહ (ઉ.વ.૫૫) મુ.પો. પાલજ, તા.જી.ગાંધીનગર
- સ્વ. રમેશજી બાવાજી વરમીયા (ઉ.વ. ૩૫) મુ.પો. બોરીજ. તા.જી. ગાંધીનગર
- સ્વ. ઠાકોર રૂમાલજી મથુરજી (ઉ.વ. ૬૫) મુ.પો. પાલજ, તા.જી. ગાંધીનગર
- સ્વ. હરસિદ્ધિબેન કમલાશંકર મહેતા (ઉ.વ. ૬૬) ૧૨૬૬, ગુજ.હાઉસિંગ બોર્ડ, સેક્ટર-૨૨, ગાંધીનગર
- સ્વ. મકવાણા માનસીબેન પંકજકુમાર (ઉ.વ. ૨૧) એન-૪૦, ન્યુ ગ્રીનસીટી, સેક્ટર-૨૬ તા.જી. ગાંધીનગર